


## Hello Kids.

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



# ચોરીની સજા

સું દર પ્રકૃતિથી ભરપૂર, હરિયાળું અને શાંત એવું એક ગામ હતું–સૂર્યપુર. અહીં લોકો એકબીજાને જાણતા, પ્રેમ કરતા અને પરસ્પર વિશ્વાસ પર જીવી રહ્યા હતાં. એ ગામમાં આરવ નામનો એક નાનકડો, હોશિયાર અને જીવંત છોકરો રહેતો. આરવ બુદ્ધિશાળી હતો, પરંતુ તેની એક ખરાબ ટેવ બધાને પરેશાન કરતી–તે કોઈની પણ વસ્તુ પૂછ્યા વગર લઈ લેતો.

આરવ વિચારતો કે, "થોડા સમય માટે લઈને પાછું આપું તો એમાં શું ખોટું છે?"

પરંતુ તેને ખબર નહોતી કે આવું કરવાથી લોકોના મનમાં શંકા અને દુઃખ ઊભું થાય છે.

એક દિવસ આરવ તેના પ્રિય મિત્ર મયંકના ઘરે ગયો. મયંકે થોડાં જ દિવસ પહેલાં માર્કેટમાંથી રંગીન પેનનો નવો સેટ ખરીદ્યો હતો. તે પેન તેના ટેબલ પર સુંદર રીતે ગોઠવેલા હતા. પેન એટલા આકર્ષક હતા કે આરવ તેની તરફ જોયા કરતો રહ્યો. જેમજ મયંક થોડા સમય માટે રસોડામાં ગયો, તેમ આરવના મનમાં ખોટો વિચાર આવ્યો: "મારે આમાંથી બે પેન લઈ જવા જોઈએ. મયંક પાસે તો ઘણા છે. એને ખબર પણ નહીં પડે." એવુ વિચારી તેણે બે પેન ચોરીથી પોતાની ખીસ્સામાં મૂકી નાખ્યા અને થોડા સમય પછી મયંક સાથે વાતો કરતો ઘર તરફ રવાના થઈ ગયો.

આગલા દિવસે મયંકે શાળા જવા માટે પેન શોધ્યા, પણ એની નજરે બે પેન ગાયબ હતાં. તેને ઘણી શોધખોળ કરી, પરંતુ પેન મળ્યા નહીં. મયંકે વિચાર્યું કે કદાચ ક્યાંક પડે હશે, પણ થોડા સમય પછી તેને યાદ આવ્યું કે ગઈકાલે આરવ તેના ઘરે આવ્યો હતો. મયંકે કોઈને દોષ આપ્યો નહીં, પણ તેના મનમાં શંકા અને દુઃખ બંને જગ્યા પામી ગયા.

ગામના પ્રિય શિક્ષક દેસાઈ સાહેબને આ વાતની જાણ થઈ. દેસાઈ સાહેબ બાળકોને પ્રેમથી સંભાળતા અને સાચું-ખોટું સમજાવતા. તેમણે આરવને શાળાના વિરામમાં બોલાવ્યો. "આરવ, બેટા, મયંકના પેન તારા પાસે છે?" આરવ ગભરાઈ ગયો. તેણે કંઈ ન કહ્યું, પણ તેની આંખો જ બધું કહી ગઈ. દેસાઈ સાહેબે શાંત સ્વરે કહ્યું: "બેટા, ચોરી માત્ર વસ્તુ લેવી નથી–એમાં માણસનું વિશ્વાસ તૂટે છે. વિશ્વાસ એકવાર તૂટે પછી તેને ફરી મેળવવું સૌથી મુશ્કેલ છે. ભૂલ કરવી સામાન્ય છે, પરંતુ ભૂલ છુપાવવી ખરાબ છે."

આરવની આંખોમાં આંસુ આવી ગયા. તેણે ધીમેથી પેન કાઢીને શિક્ષકને આપ્યા. "મને માફ કરજો સાહેબ મારો ઇરાદો ખરાબ ન હતો, પણ મેં ખોટું કર્યું." દેસાઈ સાહેબે મમતા ભરેલ અવાજમાં કહ્યું:

"મને નહીં, બેટા, મયંકને માફી માગવી." પાછા મળેલા હૃદયની ધબકાર સાથે આરવ તરત મયંકના ઘરે ગયો. "મયંક હું ખોટો હતો. મેં તારા બે પેન લીધા. મને માફ કરી દેજે.

હું ફરી ક્યારેય પૂછ્યા વગર કંઈ નહીં લઉં." મયંકે એક ક્ષણ માટે આરવને જોયો, પછી મમતા સાથે કહ્યું: "મને દુઃખ થયું હતું, પરંતુ તું સાચું સ્વીકાર્યું–that is real courage." બન્ને મિત્રોએ ફરી હસતા હસતા એકબીજાને ગળે લગાડ્યા. ગામના બધા લોકો અને બાળકો આરવનું બદલાયેલું વર્તન જોઈ આનંદિત થયા. તે દિવસથી આરવની આદત બદલાઈ ગઈ. હવે તે કંઈ લેતા પહેલા હંમેશા પૂછતો, અને ગામમાં લોકો ફરી તેના પર વિશ્વાસ કરવા લાગ્યા.

> **"બેટા, ભૂલ બધા કરે છે, પણ ભૂલ છુપાવવી સૌથી મોટી ભૂલ છે. ચોરી માત્ર વસ્તુ લેવી નથી, એમાં વિશ્વાસ ચોરાય છે. વિશ્વાસ એક વાર તૂટે પછી તેને પાછો મેળવવો સૌથી મુશ્કેલ છે"**

વારતા રે વારતા

# મંદિરમાં ધજા ત્રિકોણ જ કેમ હોય છે? ચોરસ કે ગોળ કેમ નહીં?




દરરોજ મંદિરોની મુલાકાત લેતી વખતે, આપણે ઘંટનો અવાજ, સળગતા દીવાઓનો પ્રકાશ અને સમગ્ર સંકુલની શાંતિ અનુભવીએ છીએ, પરંતુ એક વાત ઘણીવાર આપણી નજરથી છટકી જાય છે. મંદિરની ટોચ પર હવામાં લહેરાતો તે ત્રિકોણાકાર ધજા, ક્યારેય ગોળ નહીં, ક્યારેય ચોરસ નહીં, ક્યારેય અન્ય કોઈ આકારમાં નહીં... ફક્ત હંમેશા ત્રિકોણાકાર. શું આ ફક્ત પરંપરાનો એક ભાગ છે, કે પછી તેની પાછળ કોઈ રહસ્ય છુપાયેલું છે, જેને સમજાવવામાં તો ઘણું આવ્યું છે પરંતુ લોકોને તેની જાણકારી બહુ ઓછી આપવામાં આવી છે. આ સવાલ જ આ મંદિરોના રહસ્યોને સૌથી રસપ્રદ વળાંક આપે છે. મંદિરોની ઓળખ તેમના શિખરો, ઘંટડીઓ અથવા મૂર્તિઓથી થાય છે, જેટલી ઊંચાઈ પર લહેરાતા ધજાથી પણ થાય છે, જે દૂરથી ભક્તોને કહે છે કે મંદિર કઈ દિશામાં આવેલું છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે મંદિરો પરનો ધજા હંમેશા ત્રિકોણાકાર કેમ હોય છે? અન્ય ધજાની ડિઝાઇન સમય અને સંસ્કૃતિ સાથે બદલાય છે. મંદિરનો ધજા યુગોથી એકસરખો રહ્યો છે. આ સમજવા માટે, આપણે ફક્ત ધાર્મિક માન્યતાઓ જ નહીં પરંતુ ઊર્જાના વિજ્ઞાન પર પણ નજર નાખવાની જરૂર છે. ઊર્જા વિજ્ઞાન જણાવે છે કે ત્રિકોણ એક આકાર છે જે ઉપરની તરફ ગતિ કરતી ઊર્જાનું પ્રતીક છે. આનો અર્થ એ છે કે તેમાંથી નીકળતી ઊર્જા હંમેશા ઉપરની દિશામાં ગતિ કરે છે. મંદિરનો શિખર પણ આ સિદ્ધાંત પર બનેલો છે, જે ઊર્જા ઉપર તરફ ખેંચવાનું કામ કરે છે. જ્યારે ત્રિકોણાકાર ધજા પવનમાં લહેરાવે છે, ત્યારે તેનો તીક્ષ્ણ આકાર સકારાત્મક તરંગોને ઉપર તરફ કેન્દ્રિત કરે છે અને આ ઊર્જાને સમગ્ર પરિસરમાં ફેલાવે છે, જેમ દીવાની જ્યોત આખા રૂમમાં પ્રકાશ ફેલાવે છે. હિન્દુ ફિલસૂફીમાં પણ ત્રિકોણનું ખૂબ મહત્વ છે. ત્રિકોણ સર્જન, સંરક્ષણ અને વિનાશની ત્રણ શક્તિઓનું પ્રતીક છે - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું સંતુલન. તેથી, મંદિર પરનો ધજા ફક્ત શણગાર નથી, પરંતુ આધ્યાત્મિક ઓળખ અને દૈવી સંદેશનું પ્રતીક છે.



## તફાવત શોધો





## હેપ્પી બર્થડે



નામ : દુર્ગા જાદવ
માતા : સંગીતા જાદવ



નામ : દીયા જાદવ
માતા : સંગીતા જાદવ

## રસ્તો શોધો

Help the cow get home



## ટપકાં જોડો



## શબ્દો પૂરો




# PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

## SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | | 3 | | 5 | | 7 | = | 02 |
| 2) | 1 | | 3 | | 5 | | 7 | = | 01 |
| 3) | 1 | | 3 | | 5 | | 7 | = | 13 |

## CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| N | E | W |
| | | |
| | | |
| S | P | A |

## CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 1 | | |
| | 2 | 6 |
| | | |

વર્તુળો: 16, 25, 14, 19

## BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને કેમેરાને સંબંધિત 7 જુદા જુદા શબ્દોના નામ બનાવો

| | | | | | |
|---|---|---|---|---|---|
| TER | EW | OT | SE | UD | TS |
| PR | SH | ND | UT | IP | FI |
| SH | IO | RE | ST | SN | ER |
| AP | PO | TR | VI | IN | OD |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 1 |
| 6 અક્ષર | 2 |
| 7 અક્ષર | 1 |
| 8 અક્ષર | 2 |
| 10 અક્ષર | 1 |

**જવાબ**

1. POSE
2. STUDIO
3. TRIPOD
4. SHUTTER
5. REPRINTS
6. SNAPSHOT
7. VIEWFINDER

## જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | + | 3 | + | 5 | - | 7 | = | 02 |
| 2) | 1 | × | 3 | + | 5 | - | 7 | = | 01 |
| 3) | 1 | + | 3 | × | 5 | ÷ | 7 | = | 13 |

Q2

| | | |
|---|---|---|
| N | E | W |
| S | E | W |
| S | E | A |
| S | P | A |

Q3

| | | |
|---|---|---|
| 1 | 8 | 9 |
| 5 | 2 | 6 |
| 3 | 4 | 7 |

વર્તુળો: 16, 25, 14, 19